પ્રિય બાળકો,

ધર્મલાભ,

ધર્મ કોને કહેવાય ? એ તમને
તમારી સ્કૂલ-કોલેજમાં ભણવા નહીં મળે.
પણ ધર્મ વિના તો ચાલે જ નહીં ને !
તમને ધર્મનું જ્ઞાન આપવામાં આવ્યું છે.
આત્માને લાગેલા કર્મના બંધનો તોડવા
ધર્મ કરવો જોઈએ. ધર્મથી કર્મનાં બંધનો તૂટે અને
આપણો જેવો આત્મા છે તેવો પ્રગટ થાય.
ખાણમાંથી નીકળેલું સોનું રીફાઈનરીમાં
જાય અને શુદ્ધ થાય, તેવી રીતે આપણો આત્મા
ધર્મની રીફાઈનરીમાં શુદ્ધ થાય.
ધર્મના પ્રભાવથી આત્માને મનુષ્ય ભવ મળે.
ધર્મના પ્રભાવથી સારૃં શરીર મળે.
ધર્મના પ્રભાવથી સારૃં રૃપ મળે.
ધર્મના પ્રભાવથી સારૃ બળ મળે.
ધર્મના પ્રભાવથી ખૂબ પૈસા મળે.
ધર્મના પ્રભાવથી સદ્ગુરુ મળે અને
ધર્મના પ્રભાવથી સારા વિચારો આવે.
માટે ધર્મને સમજવો જોઈએ અને જીવનમાં
ધર્મ આચરવો જોઈએ.

# જ્ઞાન શા માટે જરૂરી છે ?

જ્ઞાન દિવ્ય પ્રકાશ છે.
અજ્ઞાન ઘોર અંધારૂ છે.

વિનયથી ભણવાનું.
શાન્તિથી ભણવાનું.

ભણેલું ભૂલો નહીં.
નવું-નવું ભણતા રહો.

શિક્ષકને બહુમાન આપો.
પાઠશાળામાં નિયમિત જાઓ.

પુસ્તકને પછાડો નહીં, પુસ્તકને વાળો નહીં.
નોટબુક પર બેસો નહીં, નોટબુકને વાળો નહીં.

જ્ઞાન પ્રાપ્ત કરતાં કંટાળો નહીં.
જ્ઞાનનાં સાધનો સાચવીને રાખો.
જ્ઞાની પુરૂષોનો આદર કરો.

તમે વિદ્યાર્થી છો તો શુદ્ધ ઉચ્ચારણ જોઈએ.
ફેશનથી દૂર રહો ! સ્વચ્છ અક્ષરો જોઈએ.
વ્યસનથી દૂર રહો ! સારો વ્યવહાર જોઈએ.

પુસ્તકોને સાચવો, બીજાને ભણવા આપો.
જ્ઞાનોપાસના કરવાથી જ્ઞાનાવરણ કર્મ તૂટે.

## સાચી શ્રદ્ધા શા માટે ?

વીતરાગ પરમાત્મા પર શ્રદ્ધા રાખો
સાધુ પુરૃષો પ્રત્યે આદરભાવ રાખો
સંઘ-શાસન પ્રત્યે વફાદારી રાખો
ક્યારેય જિન મંદિરોની નિંતા ન કરો.
ક્યારેય સાધુ-સાધ્વીની નિંદા ન કરો.
ક્યારેય શ્રાવક-શ્રાવિકાની નિંદા ન કરો.
મનમાં એવા વિચારો કરો કે-
જગતને સુખનો માર્ગ બતાવનારા
જિનશાસનનો હું સેવક છું. હું જીવનપર્યન્ત
સેવા કરીશ અને બીજા માણસોને
જિનશાસનના અનુરાગી બનાવીશ.
હું તીર્થયાત્રા કરીશ.
હું તીર્થરક્ષા કરીશ.
હું તીર્થવાસ કરીશ.
હું ગુરુસેવા કરીશ.
હું ગુરુભક્તિ કરીશ.
હું ગુરુ ઉપાસના કરીશ.
સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા-
આ ચતુર્વિધ સંઘની સુખશાન્તિ
માટે હું સદૈવ જાગ્રત રહીશ.
આ રીતે દર્શનોપાસના કરવાથી

દર્શનાવરણ કર્મ તૂટે.

## સાચી શ્રદ્ધા શા માટે ?

કોઇ ભલે ક્રોધ કરે, તમે ક્ષમા રાખજો.
કોઈ ભલે અભિમાન કરે, તમે નમ્ર રહેજો.
કોઈ ભલે કપટ કરે, તમે સરળ રહેજો.
કોઈ ભલે લોભ કરે, તમે ઉદાર બનજો.

ખૂબ હસો નહીં,
ખૂબ રડો નહીં,
રીસાઓ નહીં,
ચીડાઓ નહીં.

બીજાની મશ્કરી ના કરો.
બીજાનો ઉપહાસ ન કરો.
બીજાને નુકસાન ના કરો.

પરમાત્માના રોજ દર્શન કરો.
પરમાત્માનું રોજ પૂજન કરો.
પરમાત્માનું રોજ સ્તવન કરો.
પરમાત્માનું રોજ સ્મરણ કરો.

બહુ ક્રોધ આવે તો

મૌન રહો, અથવા નવકારમંત્રનું સ્મરણ કરો.
અથવા એ જગાથી દૂર ચાલ્યા જાઓ,
પણ ક્રોધ તો કરો જ નહીં.

આ રીતે ગુણોપાસના કરવાથી મોહનીય કર્મ તૂટે.

## અંતરની શાંતિ કેવી રીતે મળે ?

શીલ એટલે સ્વભાવ.
તમારો સ્વભાવ પ્રેમાળ બનાવો.
તમારો સ્વભાવ ઉદાર બનાવો.

શીલ એટલે સાદાઇ.
શરીરની બહુ ટાપટીપ ન કરો.
કપડાંની બહુ ટાપટીપ ન કરો.

શીલ એટલે સભ્યતા
સભ્યતાથી બોલો, સભ્યતાથી ચાલો.
સભ્યતાથી બેસો, સભ્યતાથી ઊભા રહો.
શીલ એટલે સદાચાર
પરીક્ષામાં ચોરી ના કરો.

માતા-પિતાને દુઃખ ન આપો.
ઉપકારીના ઉપકારો ન ભૂલાય.
કોઈનોય વિશ્વાસઘાત ન કરો.
દુઃખી જીવો તરફ દયા કરો.

આ રીતે શીલધર્મની આરાધના કરવાથી
શુભ 'નામ કર્મ' બંધાય છે.

સાચું કેરેક્ટર (સાચું ચારિત્ર્ય)
ક્યારેક ઉપવાસ કરવો જોઈએ.
ક્યારેક આયંબિલ કરવું જોઈએ.
ક્યારેક એકાસણું કરવું જોઈએ.
ક્યારેક બેસણું કરવું જોઈએ.

ભૂખ હોય એનાથી થોડું ઓછું ખાઓ.
એકાદ પ્રિય વસ્તુ ખાવાની છોડો.
જાણી જોઈને થોડુંક કષ્ટ સહન કરો.
જાણી જોઈને થોડો સમય સ્થિર બેસો.

પૂજ્ય પુરુષોનો વિનય કરો.
રોજ ધાર્મિક અધ્યયન કરો.
બિમાર લોકોની સેવા કરો.
શ્રી નવકારમંત્રનું ધ્યાન કરો.

રાત્રે ભોજન ન કરવું જોઈએ.
કંદમૂળ કે અભક્ષ્ય ખાવું ન જોઈએ.
બજારનું કે હોટલનું ખાવું ન જોઈએ.

બેસીને ખાવું જોઈએ.
બેસીને પીવું જોઈએ.
જીવવા માટે ખાવાનું છે.
ખાવા માટે જીવન નથી.
સાચો તપધર્મ
આપણે આપણી બડાઈ ન કરવી જોઈએ.
બીજા મનુષ્યોની હલકાઈ ન કરવી જોઈએ.

હું બળવાન ! હું રૂપવાન !
હું જ્ઞાની ! હું બુદ્ધિશાળી !
હું તપસ્વી ! હું શ્રીમંત !
આવી બડાઈ ના મારશો.
પેલો તો સાવ નિર્બળ...
પેલો તો સાવ કુરુપ...
પેલો તો સાવ બુદ્ધુ...
પેલો તો સાવ ખાઉધરો...
પેલો તો સાવ ગરીબ...
આ રીતે બીજાની હલકાઈ ના કરશો.
પોતાની બડાઈ મારવાથી અને બીજાની
હલકાઈ કરવાથી નીચ - 'ગોત્રકર્મ' બંધાય છે.
આનાથી હજારો ભવ સુધી
નીચ કુલમાં જન્મવું પડે છે.
ભવોભવ નિર્બળતા, કુરુપતા, ગરીબી,
નીચ કુલમાં જન્મ... અને હજારો દુઃખ
મળતા રહે છે.
બધા જીવો તરફ સમાન ભાવ રાખો.
બધા જીવો તરફ સમતાભાવ રાખો.

# જીવનમાં વ્રત અને તપ જરૂરી છે

નીચેના વ્રત-તપ તમારે તમારા
જીવનમાં કરવા જોઈએ.

- ❖ રોજ માતા-પિતાને પ્રણામ.
- ❖ પરમાત્માના દર્શન-પૂજન
- ❖ ચોરી ન કરવી
- ❖ બોડી-સીગરેટ ન પીવી.
- ❖ તમાકુના પાન ન ખાવા.
- ❖ ૧૦૮ નવકાર મંત્રનો જાપ.
- ❖ જૂઠ ન બોલવું.
- ❖ ગાળો ન બોલવી.
- ❖ લિપ્સ્ટિક-પાવડર ન લગાડવા.
- ❖ સિનેમા ન જોવા.

પોતાની ઈચ્છાથી ગુરુદેવની પાસે પ્રતિજ્ઞા લેવી. જોઈએ. તેથી નિયમોના પાલનમાં બળ મળે છે. અજાણતાં નિયમ તૂટી જાય તો ગુરુદેવ પાસે પ્રાયશ્ચિત કરવું જોઈએ.

# બાળકોનું કર્મ વિજ્ઞાન...

પ્રિય બાળકો,

ધર્મલાભ

'કર્મ શું છે ?' આ વાત તમને સ્કૂલમાં કે કોલેજમાં ભણાવવામાં નથી આવતી. પરંતુ'કર્મ' અંગેનું જ્ઞાન મેળવવું જોઈએ. કારણ કે આપણી દુનિયાનું મૂળ કારણ 'કર્મ' છે.

કર્મનું તત્ત્વજ્ઞાન જાણવાથી ઘણા પ્રશ્નોના જવાબ આપો આપ મળી જાય છે.

તમે પૂછશો : 'કર્મ હોય તો દેખાય ને ?'

અમને કેમ દેખાતા નથી ?

હું કહીશ : વૃક્ષ દેખાય છે પણ બીજ નથી દેખાતું ને ?

છતાં બીજ વિના વૃક્ષ હોય ખરૂં ? ન હોય ને ? તેમ

દુનિયા દેખાય છે તેનું બીજ કર્મ છે. કર્મ આપણને ન દેખાય.

કર્મ આઠ પ્રકારના હોય છે.

આપણે વિચાર કરીએ ને કર્મ બંધાય !

આપણે બોલીએ ને કર્મ બંધાય !

આપણે કામ કરીએ ને કર્મ બંધાય !

કર્મ બંધાયા જ કરે છે.

સારાં કર્મ બંધાય અને ખરાબ કર્મ બંધાય

સારાં કર્મ સુખ આપે, ખરાબ કર્મ દુઃખ આપે.

## જ્ઞાનાવરણ - કર્મ

કોઈને બુદ્ધિ વધારે હોય.

કોઈને બુદ્ધિ ઓછી હોય

અને કોઈ મૂર્ખ હોય...

આનું કારણ આ કર્મ છે.

કોઈ ભણવામાં હોંશિયાર હોય,
કોઈ ભણવામાં ઠોઠ હોય !
કોઈને ભણતર ચઢે જ નહીં !
આનું કારણ પણ આ કર્મ છે.

આ કર્મ દૂર દૂરનું જાણવા ન દે !
બીજાના મનની વાતો જાણવા ન દે !
આખી દુનિયાનું જ્ઞાન થવા ન દે !

શું તમે પ્રયત્ન કરવા છતાં કોઈ ગાથા,
કોઈ શ્લોક કે કોઈ કવિતા યાદ કરી શકતા નથી ?

શું તમે ઈચ્છા હોવા છતાં કોઈ પ્રશ્નનો
સાચો જવાબ આપી શકતા નથી ?

શું તમે ઈચ્છા હોવા છતાં કોઈ અભ્યાસના
વિષયને બરાબર સમજી શકતા નથી ?

આ બધાનું કારણ આ જ્ઞાનાવરણ કર્મ છે !

# દર્શનાવરણ - કર્મ

આ કર્મ
આંખોની જોવાની શક્તિ ઓછી કરે છે.
કાનની સાંભળવાની શક્તિ ઓછી કરે છે.
નાકની સુંઘવાની શક્તિ ઓછી કરે છે.
જીભની સ્વાદ કરવાની શક્તિ ઓછી કરે છે.
ચામડીની સ્પર્શ પારખવાની શક્તિ ઓછી કરે છે.

તમે ભીંત પાછળનું જોઈ શકતા નથી,
તમે પહાડની પાછળનું જોઈ શકતા નથી,
તમે દુનિયા-પારનું જોઈ શકતા નથી,
તમે આખી દુનિયાને જોઈ શકતા નથી,
આનું કારણ આ દર્શનાવરણ કર્મ છે !

આ કર્મને લીધે
માણસને ઊંઘ આવે છે.
કોઈને સૂતાં સૂતાં ઊંઘ આવે
કોઈને બેઠાં બેઠાં ઊંઘ આવે !
કોઈને ઊભા ઊભા ઊંઘ આવે !
કોઈને ચાલતાં ચાલતાં ઊંઘ આવે !

કોઈ તો ઊંઘમાં ને ઊંઘમાં
- મન ગમતું ભોજન કરી લે !
- કોઈનું ગળું દબાવી દે !
- કોઈને મારી પણ નાંખે !

એ જાગે ત્યારે એને કંઈ પણ યાદ ન હોય !
આવું છે આ દર્શનાવરણ કર્મ !

# મોહનીય - કર્મ

આ કર્મના પ્રભાવથી માણસ
સાચા પરમાત્માને ઓળખે નહીં,
સાચા ગુરુદેવને ઓળખે નહીં
સાચા ધર્મને ઓળખે નહીં !

સાચાને ખોટું માને,
ખોટાને સાચું માને.

કોઈ ક્રોધ કરે છે,
કોઈ અભિમાન કરે છે,
કોઈ કપટ કરે છે,
કોઈ લોભ કરે છે...

અ બધું કોણ કરાવે છે ?
આ મોહનીય કર્મ !

આ કર્મ
કોઈને હસાવે છે, કોઈને રડાવે છે
કોઈને ખૂશ કરે છે, કોઈને નાખુશ કરે છે !
ક્યારેક ડરાવે છે ક્યારેક ભટકાવે છે !
ક્યારેક લડાવે છે... ક્યારેક હરખાવે છે !
આ કર્મથી
ધર્મના વિષયમાં શંકા થાય,
ગુરુના વિષયમાં શંકા થાય,
ભગવાનના વિષયમાં શંકા થાય !

બધા કર્મોમાં આ કર્મ બહુ ખરાબ છે !

## અંતરાય - કર્મ

તમારી પાસે આપવા માટે પૈસા છે,
ભોજન છે, કપડાં છે, બીજાને જરૂર છે,
છતાં તમને આપવાનું જો મન ન થાય તો
તેનું કારણ આ અંતરાય - કર્મ છે.

તમે પૈસા મેળવવા પ્રયત્ન કરો,
ભોજન મેળવવા પ્રયત્ન કરો
મકાન મેળવવા પ્રયત્ન કરો...
છતાં તમને એ બધું જો ના મળે
તો સમજ્જો કે તમને અંતરાય કર્મ નડે છે !

તમારી પાસે મનગમતું ભોજન છે
છતાં તમે જમી શકતા નથી,
તમારી પાસે સુંદર કપડાં છે,
છતાં તમે પહેરી શકતા નથી,
તમારી પાસે મજાનું ઘર છે,
છતાં એમાં રહી શકતા નથી,
તમારે વ્હાલી માતા છે,
છતાં તમે એની પાસે રહી શકતા નથી...
તેનું કારણ જાણો છો ?
તેનું કારણ અંતરાય-કર્મ છે !
આ કર્મ
તપ ન કરવા દે, સેવા ન કરવા દે !

આળસું બનાવે છે, કંજુસ બનાવે છે !

## નામ - કર્મ

કોઈને રૂપવાન શરીર હોય છે,
કોઈને કદરૂપું શરીર હોય છે.
કોઈને મજબૂત શરીર હોય છે
કોઈને કમજોર શરીર હોય છે !
આ નામ-કર્મની કરામત છે !

કોઈ કાળા, કોઈ ગોરા
કોઈ પીળા, કોઈ લાલ !
કોઈ જાડા, કોઈ પાતળા !
કોઈ ઊંચા, કોઈ ઠીંગણા !
આ બધા નામ-કર્મના ખેલ છે !

કોઈ મીઠું મીઠું બોલે છે, ગમે છે !
કોઈ એવું બોલે કે ગમતું નથી !
કોઈ માણસ ઘરે આવે છે, ગમે છે,
કોઈ માણસ ઘરે આવે છે નથી ગમતો !
આ બધું નામ-કર્મનું નાટક છે !
ક્યારેક યશ મળે છે,
ક્યારેક અપયશ મળે છે !
ક્યારેક સૌભાગ્ય મળે છે !
ક્યારેક દુર્ભાગ્ય મળે છે !

આ પણ નામ-કર્મનાં કામ છે !

રૂપ-રંગ, બળ-બાંધો

આકાર અને શરીરનો સાંધો...

આ બધું નામ-કર્મના પ્રતાપે મળે છે.

## આયુષ્ય-કર્મ

દેવગતિનું આયુષ્ય બાંધનાર મરીને દેવ થાય.

મનુષ્યગતિનું આયુષ્ય બાંધનાર મરીને મનુષ્ય થાય.

તિર્યંચગતિનું આયુષ્ય બાંધનાર મરીને પશુ-પક્ષી થાય.

નરકગતિનું આયુષ્ય બાંધનાર મરીને નરકમાં જાય.

જે વ્રત-નિયમો પાળે તે દેવગતિનું આયુષ્યકર્મ બાંધે.

જે દાન દે, દયા પાળે તે મનુષ્યગતિનું આયુષ્યકર્મ બાંધે.

જે માયા-કપટ કરે તે તિર્યંચગતિનું આયુષ્યકર્મ બાંધે.

જે ખૂબ હિંસા કરે તે નરકગતિનું આયુષ્યકર્મ બાંધે.

આ કર્મના લીધે

જીવોને જનમવું પડે છે,

જીવોને જીવવું પડે છે,

જીવોને મરવું પડે છે.

જીવનમાં એક જ વાર આવતા જન્મનું આયુષ્ય-કર્મ બંધાય. પછી તેમાં ફેરફાર ન થાય. જે ગતિનું આયુષ્ય કર્મ બાંધ્યું હોય એ ગતિમાં જવું જ પડે. જેટલાં વર્ષનું આયુષ્ય કર્મ બાંધ્યું હોય એટલાં વર્ષ જીવવાનું, પછી મરવાનું !

## ગોત્ર - કર્મ

દુનિયામાં કોઈ ઊચ્ચ કહેવાય છે,
દુનિયામાં કોઈ નીચ કહેવાય છે !
શા માટે ?

ઊચ્ચ ગોત્રકર્મના ઉદયથી માણસ ઉચ્ચ બને છે,
નીચ ગોત્રકર્મના ઉદયથી માણસ નીચ બને છે.

ઉચ્ચ ગોત્રકર્મથી
મનુષ્યને માન મળે,
સત્તા અને સન્માન મળે.

નીચ ગોત્રકર્મથી
લોકોમાં અપમાન થાય,
લોકોમાં બદનામી થાય
લોકોમાં હડધૂત થાય.

ઉચ્ચ-નીચના ભેદ આ કર્મથી
થાય છે. એક જ જીવનમાં
ઉચ્ચ ગોત્રકર્મ અને નીચ ગોત્રકર્મ
ઉદયમાં આવી શકે છે.

પોતાના રૂપનું, બળનું, જાતિનું,

બુદ્ધિનું, જ્ઞાનનું કે પૈસાનું

અભિમાન કરવાથી અને બીજાઓનો

તિરસ્કાર કરવાથી

નીચ ગોત્રકર્મ બંધાય છે.

પ્રશ્નો :

**જ્ઞાનાવરણ-કર્મ : માણસ મૂર્ખ શાથી હોય છે ?**

તમે પ્રશ્નનો સાચો જવાબ કેમ નથી આપી શકતા ?

જ્ઞાનાવરણ-કર્મ શું શું ન જાણવા દે ?

**દર્શનાવરણ-કર્મ : આ કર્મ કઈ કઈ શક્તિ ઓછી કરે છે ?**

આ કર્મથી તમે શું શું ન જોઈ શકો ?

આ કર્મથી કેવી કેવી જાતની ઊંઘ આવે ?

**મોહનીય-કર્મ : આ કર્મ શું શું ન ઓળખવા દે ?**

આ કર્મથી માણસ શું શું કરે છે ?

આ કર્મ કેવી કેવી શંકા કરાવે ?

**અંતરાય-કર્મ : તમારા પ્રયત્નોને કોણ નિષ્ફળ બનાવે છે ?**

તમને દાન દેતા કોણ રોકે છે ?

આળસુ કોણ બનાવે છે ?

**નામ-કર્મ : નામ-કર્મની કરામત શી છે ?**

નામ-કર્મના ખેલ કેવા હોય ?

નામ-કર્મનું નાટક કેવું હોય ?

ગોત્ર-કર્મ : ઉચ્ચ ગોત્ર-કર્મથી શું મળે ?

નીચ ગોત્ર-કર્મથી શું મળે ?

નીચ ગોત્ર-કર્મ શાથી બંધાય ?

**આયુષ્ય-કર્મ : દેવગતિનું આયુષ્ય કેવી રીતે બંધાય ?**

મનુષ્યગતિનું આયુષ્ય કેવી રીતે બંધાય ?

આ કર્મના લીધે શું શું થાય ?

વેદનીય-કર્મ : અશાતા વેદનીય કર્મથી શું થાય ?

અશાતા વેદનીય કર્મ શાની બંધાય ?

શાતા વેદનીય કર્મ શાની બંધાય ?

## બાળકોનું આત્મ વિજ્ઞાન

પ્રિય બાળકો,

ધર્મલાભ,

'આત્મા છે ? આત્મા કેવો છે ?' આ વાત તમે તમારી સ્કૂલમાં નહીં ભણ્યા હો. કોલેજમાં પણ તમને 'આત્મા' અંગે ભણવા નહીં મળે. પરંતુ આત્માને જાણ્યા વિના બધું ભણતર અધુરૂં છે. એકડા વિનાના મીંડા જેવું છે. માટે આ પુસ્તકમાં 'આત્મા'નું જ્ઞાન આપવામાં આવ્યું છે.

તમે પોતે આત્મા છો !

તમે પૂછશો : ક્યાં છે આત્મા ?

હું કહીશ : તમારા શરીરમાં આત્મા છે !

દરેકનાં શરીરમાં જુદો જુદો આત્મા હોય છે.

તમે પૂછશો : આત્મા કેમ દેખાતો નથી ?

હું કહીશ : આત્મા આંખોથી ન દેખાય, જીભથી ન ચખાય, કાનથી ન સંભળાય, નાકથી ન સુંઘાય, કે શરીરથી ન સ્પર્શી શકાય. આત્માને જોવા માટે 'કેવળ જ્ઞાન'નું દુરબીન જોઈએ. કેવળ જ્ઞાની જે હોય તે આત્માને જોઈ શકે. ભગવાન મહાવીર સ્વામી કેવળજ્ઞાની હતા, તેમણે આત્માને જોઈને કહ્યું : 'આત્મા છે, તમે એને જાણો.'

## અનન્ત જ્ઞાની

આત્મા બુદ્ધિનો સાગર છે.
આત્મા જ્ઞાનનો સાગર છે.

બધા જ પ્રકારની બુદ્ધિ આત્મામાં હોય.
બધા જ પ્રકારનું જ્ઞાન આત્મામાં હોય.

આત્મા દૂર દૂરનું ઘણું ઘણું જાણી શકે
આત્મા સહુના મનના વિચારો જાણી શકે.
આત્મા આખી દુનિયાનું બધું જાણી શકે.

દુનિયાના ગામ-નગર જાણે.
દુનિયાના પહાડો-સમુદ્રો જાણે.
દુનિયાના દરેક જીવને જાણે.

આત્માને કંઈ જ અજાણ્યું ન હોય
આત્માથી કંઈ જ છૂપું ન હોય !

આત્મા દુનિયાને તો જાણે,
દુનિયા પારના આકાશને ય જાણે !

ગ્રહો અને નક્ષત્રોને જાણે.
સૂર્ય અને ચન્દ્રને જાણે.
દેવો અને દાનવોને જાણે !
આત્માનું જ્ઞાન અનંત છે.
આત્માનું જ્ઞાન અપાર છે.

## અનન્ત દર્શન

આત્મા જેમ બધું જાણે છે
તેમ બધું જ પ્રત્યક્ષ જુએ છે !

આંખો વિના બધું જોઈ શકે !
સિદ્ધ આત્માને શરીર જ ન હોય
પછી આંખ હોય જ નહીં ને !

ભુરૂં ભુરૂં આકાશ જુએ !

જોવામાં પહાડો ન નડે,
જોવામાં ભીંતો ન નડે.
જોવામાં અંધારૂં ન નડે !

આત્મા બધા આત્માઓને જુએ.
આત્મા બધાં કર્મોને જુએ.
આત્મા રૂપવાળું જુએ અને

રૃપવિનાનું પણ બધું જુએ !

આત્માને ઊંઘવું જ ન પડે !
એ તો દુનિયાને જોયા જ કરે !
જોવામાં ખૂબ આનંદ આવે !
આપણે પણ આવા આત્મા
બની જઈએ તો કેવી મજા આવે !

## વીતરાગ

આત્મા ક્યારે ય ક્રોધ ન કરે.
આત્મા ક્યારે ય માન ન કરે.
આત્મા ક્યારે ય માયા ન કરે.
આત્મા ક્યારે ય લોભ ન કરે.

આત્મા હસે ય નહીં, આત્મા ખૂશ ન થાય,
આત્મા રડે ય નહીં. આત્મા નાખૂશ પણ ન થાય !

આત્મા કોઈથી ડરે નહીં,
આત્મા કોઈને ડરાવે નહીં.

આત્મા વીતરાગ બને એટલે
એ કોઈ સાથે પ્રેમ પણ ન કરે
અને કોઈ સાથે દ્વેષ પણ ન કરે !

આત્માને શરીર હોય કે ન હોય,
એ વીતરાગ બની જાય એટલે
દુનિયાની આવી કોઈ જંજાળ ન રહે !

વીતરાગ આત્માને અનંત સુખ હોય.
વીતરાગ આત્માને પરમ શાન્તિ હોય.

## અનન્ત શક્તિશાળી

આત્મા વીતરાગ બને એટલે
એનામાં અનન્ત શક્તિ પ્રગટે.

એનામાં દુર્બળતા ન રહે,
એનામાં કૃપણતા ન રહે.

એ થાકે નહીં, એ હારે નહીં
એ માંગે નહીં, એ ભાગે નહીં !

શુદ્ધ આત્મામાં
આત્માની અનન્ત શક્તિ પ્રગટે,
આત્માની અનન્ત લબ્ધિ પ્રગટે !

આત્માના અનન્ત ગુણોમાંથી
પ્રગટેલું પાર વિનાનું સુખ

આત્મા ભોગવ્યા જ કરે !
ક્યારેય કંટાળે જ નહીં અને
એ સુખ ક્યારેય ખૂટે નહીં !

આવા અનન્ત શક્તિવાળા આત્માની
જે પૂજા કરે, ધ્યાન કરે, એને
એવી અનન્ત શક્તિ જરૂર મળે !

## અરૂપી

શરીરથી આત્મા મુક્ત થાય એટલે

એને રૂપ ન હોય, એનું વજન ન હોય,
એનામાં રસ ન રહે, એનામાં ગંધ ન રહે.
એનો કોઈ સ્પર્શ ન હોય.

એને યશ ન હોય, એને અપયશ ન હોય.
સૌભાગ્ય ન હોય, દુર્ભાગ્ય ન હોય.

આત્મા જાડો ન હોય કે પાતળો ન હોય.
આત્મા મોટો ન હોય કે નાનો ન હોય.
આત્મા ગરમ ન હોય કે ઠંડો ન હોય.

આવા શુદ્ધ આત્માને આપણે ન જોઈ શકીએ.
શુદ્ધ આત્માને શુદ્ધ આત્મા જ જોઈ શકે.
માટે આવા આત્મા આપણા માટે અરૂપી કહેવાય.

મોક્ષમાં બધા આત્મા અરૂપી હોય, પરંતુ
બધા એકબીજાને જોઈ શકે ખરા !

## અમર

અરૂપી બની ગયેલા આત્માને
જનમવાનું નહીં અને મરવાનું નહીં !
જન્મ લેવાનો એનો સ્વભાવ નથી.
મરવાનો પણ એનો સ્વભાવ નથી.

દુનિયામાં તો આત્માને
જનમવું પડે છે ને મરવું પડે છે...
દુનિયાથી ઉપર ગયેલા શરીર વિનાના
આત્માને જનમવાનું અને મરવાનું રહેતું નથી !

આત્માને ન જનમવાનું દુઃખ !
આત્માને ન મરવાનું દુઃખ !

જ્યાં જન્મ-મૃત્યુ ન હોય
તેને મોક્ષ કહેવાય !
મોક્ષમાં કોઈ દુઃખ ન હોય,
મોક્ષમાં સુખ જ સુખ હોય.

મોક્ષમાં રહેલા આત્માઓ
અમર હોય છે. આપણે
પણ મોક્ષમાં જઈ શકીએ
અને અમર બની શકીએ !

## ન ઊંચ, ન નીચ

અરૂપી અને અમર બની ગયેલો આત્મા
નથી ઊંચ હોતો કે નથી નીચ હોતો !

ત્યાં સ્પૃશ્ય-અસ્પૃશ્યના ભેદ નથી.
ત્યાં મોટા-નાનાના પ્રકાર નથી.

ત્યાં કોઈ આત્મા ગરીબ નથી.

ત્યાં કોઈ આત્મા ધનવાન નથી.
ત્યાં કોઈ આત્મા રાજા નથી.
ત્યાં કોઈ આત્મા પ્રજા નથી.

ત્યાં બધા આત્મા સમાન !
ત્યાં નથી માન-અપમાન !
ત્યાં નથી માન-અભિમાન !

ત્યાં બધાનું જ્ઞાન સમાન !
ત્યાં બધાની શક્તિ સમાન !
ત્યાં બધાના ગુણો સમાન !

ઊંચ-નીચના ભેદ વિનાની
ધરતીનું નામ છે સિદ્ધશિલા.
એને જ મોક્ષ કહેવાય છે.

## અજર-અવ્યાબાધ

શુદ્ધ આત્માને, ન રોગ હોય,
ન વ્યાધિ હોય, ન પીડા હોય.

શુદ્ધ આત્માને ન ઘડપણ હોય,
ન વ્યથા - વેદના હોય, ન અકળામણ હોય.

શુદ્ધ આત્માને અખંડ યૌવન હોય !

સંપૂર્ણ આરોગ્ય હોય ! અનન્ત આનન્દ હોય !

યૌવન-આરોગ્ય અને આનન્દ.
આત્માનો હોય, શરીરનો નહીં.
શરીરનું યૌવન ક્ષણિક હોય છે.
શરીરનું આરોગ્ય ચંચળ હોય છે.
શરીરનો આનંદ ક્ષણજીવી હોય છે.

આધિ-વ્યાધિ ઉપાધિથી મુક્ત
શુદ્ધ આત્માને અમારી વંદના હો !

રોગ-શોક સંતાપથી મુક્ત
શુદ્ધ આત્માને અમારી વંદના હો !

પ્રશ્નો :
અનન્ત જ્ઞાની : ૧. આત્મા શું શું જાણી શકે ?
૨. આત્માનું જ્ઞાન કેટલું હોય ?
૩. આત્માને કંઈ અજાણ્યું હોય ?
અનન્ત દર્શની ૧. આત્મા કેવી રીતે બધું જુએ ?
૨. આત્મા શું શું જોઈ શકે ?
૩. આત્મા ઊંઘે ખરો ?
વીતરાગ ૧. આત્મા શું શું ન કરે ?
૨. વીતરાગ કેવા હોય ?
૩. વીતરાગનું સુખ કેવું હોય ?
અનન્ત શક્તિશાળી ૧. અનન્ત શક્તિ ક્યારે પ્રગટે ?
૨. આત્મામાં શું ન રહે ?
૩. આપણને અનન્ત શક્તિ ક્યારે મળે ?

અરૂપી ૧. શરીરથી મુક્ત થયેલા આત્માને શું શું ન હોય ?

૨. શુદ્ધ આત્માને કોણ જોઈ શકે ?

૩. મોક્ષમાં બધા આત્મા કેવા હોય ?

અમર ૧. અરૂપી આત્માનો સ્વભાવ કેવો હોય ?

૨. કોને જનમવું પડે અને મરવું પડે ?

૩. મોક્ષમાં રહેલા આત્મા કેવા હોય ?

ન ઊંચ, ન નીચ ૧. સ્પૃશ્ય-અસ્પૃશ્યના ભેદ ક્યાં ન હોય ?

૨. મોક્ષમાં શું શું સમાન હોય ?

૩. સિદ્ધશિલા કોને કહેવાય ?

અજર-અવ્યાબાધ ૧. શુદ્ધ આત્માને શું શું ન હોય ?

૨. શુદ્ધ આત્માને શું શું હોય ?

૩. શરીરનું યૌવન કેવું છે ?

# નિયમ અને વ્રત લેવું શા માટે જરૂરી છે ?

તમે પાપો ન કરતાં હોય છતાં તમારા આત્મા ઉપર પાપો

લાગ્યા જ કરે કારણ કે તમે પાપો સાથેનું કનેક્શન કટોફ નથી કરાવ્યું. માટે પાપો ન કરતાં હોવા છતાં પાપો લાગ્યા કરે છે. જેમ કે તમે તમારા આ જીવનમાં ક્યારેય માંસ ખાધું નથી અને ખાવાના પણ નથી છતાં તમે તેનો (માંસ ન ખાવાનો) નિયમ નથી લીધો તેથી તમારા આત્મા ઉપર માંસ ખાવાનું મીનીમમ પાપ લાગ્યા કરે છે. કેમ કે તમે તેનું પચ્ચક્ખાણ લઈને કનેક્શન કટ નથી કરાવ્યું. માટે મીનીમમ પાપ લાગ્યા કરે.

જેમ કે તમે ભાડાના મકાનમાં રહો છો હવે વેકેશનમાં એક મહિનો તમે આખા કુટુંબ સાથે મકાન બંધ કરીને કાશ્મીર, સીમલા વગેરે સ્થળોએ ફરવા ગયા. બરાબર એક મહિને ફરીને પાછા આવ્યા. ત્યારે મકાન માલિક દર વખતની જેમ આ વખતે પણ એક મહિનાનું ભાડું માંગે તો ત્યારે મકાન માલિકને એક મહિનાનું ભાડું તમારે આપવું પડે કે નહીં ? ત્યારે તમે એમ કહો કે એક મહિનો તમારું મકાન વાપર્યું નથી માટે હું ભાડું નહીં આપું, તો આ દલીલ તમારી ચાલે ખરી ? અને મકાન માલિક એક મહિનાનું ભાડું છોડે ખરો ? ન જ છોડે. તમે એક મહિનો મકાન વાપર્યું ન હોવા છતાં તે મહિનાનું ભાડું તમારે ભરવું જ પડે. કારણ કે તમે મકાન માલિક પાસે ભાડા ચિઠ્ઠી રદ કરાવી ન હતી. એક મહિના સુધી તમે મકાનને પાછું સોપ્યું ન હોતું. એટલે કે ભાડા સાથેનું કનેક્શન કેન્સલ કરાવ્યું ન હતું માટે ભાડું ભરવું જ પડે. બસ આવી જ રીતે તમે માંસ ખાવાનું પાપ, દારૂ પીવાનું પાપ, શિકારનું પાપ, જુગારનું પાપ, પરસ્ત્રીગમનનું પાપ, વેશ્યાગમનનું પાપ કરતા નથી છતાં તમોને એ બધા પાપો લાગ્યા કરે, કારણ કે તમે તે પાપો નહિ કરવાનો નિયમ નથી લીધો, બાધા નથી લીધી, એટલે કે પાપો સાથેનું કનેક્શન કેન્સલ નથી કરાવ્યું માટે પાપો લાગ્યા કરે. આ કનેક્શન કેન્સલ કરાવવું એનું નામ જ બાધા લેવી, નિયમ લેવો, પ્રતિજ્ઞા કરવી, અભિગ્રહ કરવો, પચ્ચક્ખાણ કરવું, આખડી રાખવી વગેરે છે. નામો જુદા જુદા છે, કામ એક જ છે.

ઘણા આ બાધા લેવામાં ડરતા હોય છે અને કહેતા હોય છે કે બાધા લીધા પછી તૂટી જાય તો વધારે પાપ લાગે માટે બાધા ન લેવાય. એ લોકોને ખબર નથી કે બધા લીધા પછી અજાણતા તૂટી જાય તો તેનું પ્રાયશ્ચિત લેવાથી લાગેલ પાપ છૂટી જાય છે. પણ બાધા તૂટી જશે તો વધારે પાપ લાગશે એવા ડરથી બાધા  જ ન લો તો જગતમાં ચાલતા બધા પાપોનું મીનીમમ પાપ તમોને લાગ્યા જ કરે છે. પાપ તો બાધા લઈને તૂટી જવાથી થનારા પાપ તમોને લાગ્યા જ કરે છે. પાપ તો બાધા લઈને તૂટી જવાથી થનારા પાપ કરતાં ઘણું મોટું અને અતિ ભયંકર હોય છે. જ્યારે બાધા તૂટી જવાથી થનારું પાપ તો બહુ જ નાનું હોય છે. વળી તેનું  પ્રાયશ્ચીત કરવાની તે પાપ છૂટી પણ જાય છે. માટે બાધા તૂટી થવાથી થનારા પાપ કરતાં બાધા બિલકુલ  નહિ લેવાથી થતાં પાપો બહુ મોટા અને અપરંપાર લાગતા હોય છે.

હા, બાધા લીધા પછી તૂટે નહિ તેની કાળજી રાખવી જોઈએ પણ તૂટી જવાના ભયથી બધા જ ન લેવી એ તો ભયંકર નુકસાન છે. માથું ન દુઃખે તેની કાળજી રાખો, છતાં માથું દુઃખે છે તો તેની દવા કરો છો પણ માથું દુઃખે છે ને ? માટે માથું જ કાપી નાંખો. એમ બાધા તૂટી જાય માટે બાધા જ ન લેવી એ માથું દુઃખે માટે કાપી નાખવા જેવી વાત છે. કપડાં છે તો મેલા થાય અને તેમાં જૂ પડે ને ? માટે કપડા જ ન પહેરવા. પણ આવું તો કોઈ કરતું નથી. સ્કુટર, મોટરસાયકલ કે કાર ચલાવતા એક્સીડન્ટ થાય છે પણ કોઈ વાહનો ચલાવવા બંધ નથી કરતાં. માથું ન દુઃખે તેની કાળજી કરો, કપડામાં જૂ ન થાય તે માટે કપડા ધોવા વગેરેની કાળજી કરો, વાહન ધીમે ચલવવાની કાળજી કરો, એવી જ રીતે બધા લીધા પછી તૂટે નહીં તેની કાળજી કરો. જગતમાં ચાલતા બધા પાપો પોતાના આત્માને ન લાગે એટલા માટે બાધા લેવી અતિ જરૃરી છે. વાણીયો તેને જ કહેવાય જે થોડા નુકસાનમાં વધારે નફો કરે. તો આ બાધા લેવી એ તો વાણીયાનો ધંધો કહેવાય. આ તો જરાય જતો ન કરાય. ખોટ જરાય નહિ અને નફાનો કોઈ પાર નહિ.

તમે લગ્ન કરો છો ત્યારે કોર્ટમાં સહી-સીક્કા કરો છો તે શું છે ? જિંદગી સુધી હવે અમે એકબીજાને વફાદાર રહીશું અને એકબીજાને નિભાવીશું. આ સહી-સીક્કા એ બંધન નહિ તો શું છે ? કોર્ટની વાત જવા દો ચાર ફેરા ફરતી વખતે અગ્નિની અને બધા લોકોની સાક્ષીએ એકબીજાના હાથમાં હાથ આપીને શું પ્રતિજ્ઞા કરો છો ? જીવનભર એકબીજાને સાચવીશું. આ બંધન નહિ તો બીજું શું છે ?

જમીન-મકાન વગેરે લે-વેચ કરતી વખતે સ્ટેમ્પ પેપર ઉપર સહી-સીક્કા કર્યા વિના એમને એમ મનથી નક્કી કરોને ? આ સહી-સીક્કા બંધન નહિ તો બીજું શું છે ?

ખેતર, વાડીને વાડનું બંધન હોય છે. મકાનને દરવાજાનું બંધન, દરવાજાને તાળાનું, મારુતીકારને બ્રેકનું, બૂટની વાદળી (દોરી)નું, પેન્ટને ચેન (બટન)નું, બુશર્ટને બટનનું, પેનને ઢાંકણાનું, બાટલીને બુચનુ, નદીને કિનારાનું, તંબુરાને તારનું બંધન હોય છે. બંધન વિનાની કોઈ વસ્તુ આ દુનિયમાં મળશે નહિ. એક વસ્તુ એવી લાવી આપો કે જે વસ્તુને બંધન ન હોય.

પશુ જેવા પશુ ગાય, ભેંસ, બળદ વગેરે પણ માલિકના બંધન સ્વીકારે છે તો માલિક તેને યોગ્ય સમયે ખાવા-પીવાનું આપે છે. પરંતુ જે પશુઓ આવા બંધન સ્વીકારવા તૈયાર ઔનથી તેઓને કોઈ ખાવા પીવાનું આપતા નથી અને ભૂખ્યા રહેવું પડે છે. ટાઢ, તડકો, વરસાદ બધું સહન કરવું પડે છે. વળી તે રેઢિયાળ, રખડું, હરાયા ઢોર તરીકે ઓળખાય છે. પણ જે માલિકનું બંધન સ્વીકારે છે તેને આવું કંઈ સહન નથી કરવું પડતું અને માલિના પશુ તરીકે ઓળખાય છે.

તમને સૌને તો મનુષ્ય જન્મ મળ્યો છે. પશુ કરતાં તો વધારે સમજ અને બુદ્ધિ તમને મળી છે. તો તમારે જો બાધાનું બંધન ન સ્વીકારવું હોય તો પેલા રેઢિયાળ, રખડું, હરાયા ઢોરની પંગતમાં ગણાશો. એ તમને મંજુર છે ?

અથાણાની બરણીને બહેનો કેવું બંધન કરે છે ? બરણીનું ઢાંકણ બંધ કર્યા પછી ઉપર કપડું ફીટ કરી ઉપર દોરી બાંધે છે. કેમ આટલું બધું બંધન ? તો કહે કે અથાણું બગડે નહિ એટલા માટે. તો અનંતજ્ઞાનીઓ કહે છે કે ભાઈ ! એક વર્ષ

ચાલનારા અથાણાને આટલું બંધન કરી સાચવી શકતા હો તો તમારું આખું ને આખું જીવન અરિહંત પરમાત્માએ બતાવેલ બાધારૂપી બંધનને નહિ સ્વીકારવાથી બગડી જતું હોય, કોહવાઈ જતું હોય અને અંતે આખું મનુષ્યજીવન નિષ્ફળ બની જતું હોય તેની કોઈ જ ચિંતા તમને નથી ? આશ્ચર્યની વાત છે ને ? એક વર્ષ અથાણા જેટલી પણ આખા મનુષ્યજીવનની કિંમત નહિ ? ધન્ય છે તમારી બુદ્ધિને -

માટે હવે જરા ડાહ્યા થાઓ અને બાધા ને પ્રતિજ્ઞારૂપી બંધન સ્વીકારવા તૈયાર બની જાઓ અને તમને મળેલા માનવજીવનને સફળ બનાવો.

# સબૂર ! તમે જાણો છો કે...

પાપ ન કરો તો પણ પ્રતિજ્ઞા ન કરવાથી તે પાપ ચાલુ જ રહે છે. 'બાધા એ બંધન નથી પરંતુ પાપમાંથી મુક્ત કરાવનારી કેડી છે.'

- જેમ ભાડા ચિઠ્ઠી રદ ન કરાવે તો બંધ કરીને છોડી દીધેલ વપરાશ વિનાના ભાડાના ઘરનું ભાડું ભરવું જ પડે છે.
- તેમ તમે બટાટા વગેરે ન ખાઓ તો ય પ્રતિજ્ઞા ન લો ત્યાં સુધી તે બટાટા ખાવાનું પાપ લાગ્યા જ કરે છે.
- જેને પાપની પ્રતિજ્ઞા નથી તેને પાપ કરવાનો ચાન્સ ઉભો જ રહે છે. આ ચાન્સ એ જ પાપ છે.

### દરેક નિયમમાં જ્ઞાની ભગવન્તોએ આપેલી છૂટ

(૧) અજાણતા ભૂલ થાય તો.

(૨) અચાનક ભૂલ થાય તો.

(૩) મહાજન વગેરે સમૂહ અને માતા-પિતાદિ ગુરુવર્ગ વગેરે મોટાઓના બાણ નીચે લાચાર બનવું પડે ત્યારે.

(૪) દેવ, દેવી, સત્તાધારી, ગુંડા, ચોર વગેરેના દબાણથી લાચાર બનવું પડે ત્યારે.

(૫) માંદગી, વૃદ્ધાવસ્થા, અસમાધિ થાય ત્યારે.

**સમ્યકત્વ વ્રતના વિસ્તૃત નિયમો**

૧. હું સુદેવ, સુગુરુ, સુધર્મને માનીશ.

૨. હું કુદેવ, કુગુરુ, કુધર્મને માનીશ નહિ, તેમની માનતા માનીશ નહિ.

૩. હું હોળી, ધુળેટી, બળેવ વગેરે તહેવાર માનીશ નહિ, મનાવીશ નહિ.

૪. હું વેપાર કે વાતચીતમાં દેવગુરુધર્મના સોગંદ ખાઈશ નહીં.

૫. હું જિનેશ્વર ભગવંતોએ કહેલી વાતોમાં કદી શંકા કરીશ નહિ.

**જિનબિંબ, દર્શનાચાર**

૬. હું દરરોજ દેરાસર જઈ ભગવાનના દર્શન કરીશ.

૭. હું નિસીહિ કહ્યા પછી દેરાસરમાં સંસાર સંબંધી કોઈ વાત કરીશ નહીં.

૮. હું પ્રભુદર્શન/પ્રભુપૂજા કર્યા વગર મોંમાં અન્ન પાણી નાંખીશ નહિ.

૯. હું દરરોજ દેરાસરમાં ભગવાનની પૂજા/અષ્ટપ્રકારી પૂજા/આંગી કરીશ.

૧૦. હું દરરોજ ત્રિકાળ જિનપૂજા કરીશ.

૧૧. જે દિવસે મારાથી જિનપૂજા નહિ થાય તે દિવસે ........ રૂ. ભંડારમાં નાંખીશ.

૧૨. હું દરરોજ દેરાસરમાં ચૈત્યવંદન/દેવવંદન કરીશ.

૧૩. હું ખાલી હાથે ભગવાન પાસે જઈશ નહિ, છેવટે થોડા પૈસા તો ભંડારમાં નાંખીશ.

૧૪. હું દરરોજ દેરાસરમાં પ્રક્ષાલ માટે ....... લીટર દૂધ (શક્ય હોય તો ગાયનું) આપીશ.

૧૫. હું સીઝનના નવા ફળાદિ દેરાસરે મૂક્યા વિના વાપરીશ નહિ.

૧૬. હું નવા કપડાં સીવડાવતા પહેલાં ભગવાન માટેના ત્રણ અંગ લુછણા દેરાસરમાં આપીશ.

૧૭. હું ભગવાનની પૂજા ધોતી ખેસ પહેરીને કરીશ.

૧૮.હું ભગવાનની પૂજા ખેસના આઠ પડ કરીને કરીશ, હું પૂજામાં મુખકોષ માટે રૂમાલ વાપરીશ નહિ.

૧૯.હું શક્તિ હશે ત્યાં સુધી દેરાસરમાં દરેક ભગવાનની પૂજા કરીશ.

૨૦.હું દેરાસરમાં દરેક આરસના ભગવાનને ત્રણ ત્રણ ખમાસમણ આપીશ.

૨૧.હું વર્ષમાં ........ સ્નાત્ર જાતે ભણાવીશ ....... સ્નાત્ર ભણાવાનો લાભ લઈશ.

૨૨.હું દરરોજ સાંજે દેરાસરમાં આરતી વખતે હાજર રહીશ.

૨૩.હું દેરાસરની મોટી દશ આશાતના કરીશ નહિ. (૧. પાન તંબોલ ખાવું, ૨. પાણી પીવું, ૩. જોડા પહેરીને જવું, ૪. મૈથુન સેવવું, ૫. સૂવું, ૬. થુંકવું, ૭. પેશાબ કરવો, ૮. સંડાસ કરવું, ૯. ભોજન કરવું. ૧૦. જુગાર રમવું)

૨૪.હું દેરાસરની ચોરાસી આશાતના જાણીને તેનું નિવારણ કરીશ.

૨૫.હું દેરાસરે પગે ચાલીને જઈશ. વાહનનો ઉપયોગ કરીશ નહિ.

૨૬.હું દેરાસરમાં પ્રભુની અષ્ટપ્રહરી પૂજાની સામગ્રીનો યથાશક્તિ લાભ લઈશ.

૨૭.હું રસ્તામાં જતા દેરાસર કે દેરાસરની ધજા દેખાશે તો બે હાથ જોડી માથું નમાવી 'નમો જિણાણં' બોલીશ.

૨૮.હું દરરોજ / પાંચતિથિ ચૈત્યપરિપાટી કરીશ.

૨૯.હું જીવનમાં એકવાર પણ દેરાસરમાં જરૂરી ઘંટ/ત્રિગડું /ભંડારનો લાભ લઈશ.

૩૦.હું જીવનમાં એકવાર પણ શત્રુંજ્યાદિ તીર્થનો પટ ભરાવીશ.

૩૧.હું જીવનમાં ધાતુના/આરસના એક ભગવાન ભરાવીશ.

૩૨.હું જીવનમાં કમ-સે-કમ એક ભગવાનની પ્રતિષ્ઠા કરાવીશ.

૩૩.હું મારી માલિકીની જમીન/મકાન/પ્રોપર્ટી દેરાસર બનાવવા માટે ભેટ આપીશ.

૩૪.હું સ્વદ્રવ્યથી ઘરદેરાસર/શિખરબંધી દેરાસર બનાવીશ.

૩૫.હું પ્રાચીન દેરાસરના જીર્ણોદ્ધારમાં દર વર્ષે ......... રકમ વાપરીશ.

૩૬.હું જીવનમાં બાળકોને/મોટાઓને પૂજાના ધોતી-ખેસ ભેટ આપીશ.

૩૭.હું જીવનમાં પૂજા માટે બટવો/પેટી બીજાને ભેટ આપીશ.

૩૮.હું દેરાસરમાં પૂજારીને દર વર્ષે ........... રકમ ભેટ આપીશ.

૩૯.હું વર્ષમાં .......... વાર શત્રુંજય ગિરિરાજ તિર્થની યાત્રા કરીશ.

૪૦.હું વર્ષમાં ........ વાર શંખેશ્વર તિર્થની યાત્રા કરીશ.

૪૧.હું દર વર્ષે એકવાર દૂરના તિર્થની યાત્રા કરીશ.

૪૨.હું શત્રુંજય/ગિરનારની નવાણું યાત્રા ન કરું ત્યાં સુધી ..........નો ત્યાગ કરીશ.

૪૩.હું જીવનમાં એકવાર શત્રુંજય ગિરિરાજની નવાણું યાત્રા કરીશ.

૪૪.હું જીવનમાં શત્રુંજય તીર્થમાં ચોમાસું કરીશ/કરાવીશ.

૪૫.હું જીવનમાં એકવાર તો ચોવિહારો છઠ્ઠ કરી શત્રુંજયની સાત યાત્રા કરીશ.

૪૬.હું જીવનમાં એકવાર મારા પરિવાર/સ્વજનો/સંઘને સમેતશિખરની યાત્રા કરાવીશ.

૪૭.હું જીવનમાં એકવાર તો ગિરિરાજ/ગિરનાર વગેરે તિર્થોના સંઘમાં છ'રીનું પાલન કરતો કરતો જઈશ.

૪૮.હું જીવનમાં એકવાર નજીકના/દૂરના તિર્થનો છ'રી પાલિત સંઘ કઢાવીશ.

**જ્ઞાનાચાર, જિનાગમ :**

૪૯.હું ચોમાસામા/શેષકાળમાં/અવસરે .......... વ્યાખ્યાન સાંભળીશ.

૫૦.હું રોજ ......... ગાથા પાઠશાળામાં / ઘરે ગોખીશ.

૫૧.હું જેટલી પણ ગાથા ગોખીશ તે ગુરુજી અથવા પંડિતજી પાસેથી લઈને ગોખીશ.

૫૨.હું રોજ ......... કલાક ધાર્મિક પુસ્તકનું વાંચન કરીશ.

૫૩.હું રોજ જ્ઞાનના ૫૧/૫ ખમાસમણા આપીશ.

૫૪.હું રોજ જ્ઞાનના ૫૧/૫ સાથિયા કરીશ.

૫૫. હું રોજ જ્ઞાન માટે 'ૐ હ્રીં નમો નાણસ્સ'ની ૨૦/૧ માળા ગણીશ.

૫૬.હું જમતી વખતે એંઠા મોંઢે બોલીશ નહિ.

૫૭.હું અક્ષરમાળા કે ચિત્રોવાળા કપડા/બુટ/મોચા પહેરીશ નહિ. બાળકોને પહેરાવીશ નહિ.

૫૮.હું અક્ષરો લખેલા હોય તેવી વસ્તુ/દવા વગેરે ખાઈશ નહીં. (જરૂર પડશે તો વસ્તુ/દવા ઉપરના અક્ષરો કાઢીને ખાઈશ.)

૫૯.હું અક્ષર લખેલ કોઈપણ કાગળ, છાપા વગેરે ઉપર બેસીસ નહિ, તેને બાળીશ નહિ, તેમાં ખાવાનું મૂકીને ખાઈશ નહિ, ટોયલેટમાં તેનો ઉપયોગ કરીશ નહિ.

૬૦.હું અક્ષર લખેલા રસ્તા ઉપર કે લખેલી વસ્તુ ઉપર ચાલીશ નહિ. (દા.ત. પગલુછણિયા, ચાદર, કારપેટ વગેરે.)

૬૧.હું કાગળ, પુંઠા, પેન, પેન્સિલ, બોલપેન, ચોક, ફૂટપટ્ટી વગેરે જ્ઞાનના સાધનોનો કોઈને મારવામાં ઉપયોગ કરીશ નહિ.

૬૨.હું છાપા, પુસ્તક, પાના વગેરેને જમીન ઉપર મૂકીશ નહિ અને એ બધાને જમીન ઉપર મૂકીને વાંચીશ નહિ.

૬૩.હું પોસ્ટની ટિકિટ ચોંટાડવા, પુસ્તકના પાના ફેરવવા, રૂપિયાની નોટો ગણવા માટે થૂંકનો ઉપયોગ કરીશ નહિ.

૬૪.હું ધાર્મિક પુસ્તકો પસ્તીમાં વેચીશ નહિ.

૬૫.હું પુસ્તકાદિ જ્ઞાનના સાધનોને પગ લગાડીશ નહિ.

૬૬.હું તોતડા બોબડાની મશ્કરી કરીશ નહિ.

૬૭.હું માસિક ધર્મમાં કોઈપણ પુસ્તકો/ધાર્મિક પુસ્તકોનું વાંચન કરીશ નહિ.

૬૮.હું જીવનમાં/દરવર્ષે સાધુ સાધ્વીજીને ભણાવનાર પંડિતજીનું ......... રકમથી બહુમાન કરીશ.

૬૯.હું પાઠશાળાના અધ્યાપકને તૈયાર કરતી સંસ્થામાં દરવર્ષે ......... રકમ આપીશ.

૭૦.હું વર્ષમાં એકવાર પણ પાઠશાળાના બાળકોને જ્ઞાનના સાધન પુસ્તક, પેન, નોટ, સાપડો વગેરેની પ્રભાવના કરીશ.

૭૧.હું દર વર્ષે એકવાર અવશ્ય 'ઉપમિતિ ભવ પ્રપંચકથા', 'શાંત સુધારસ', 'અધ્યાત્મ કલ્પદ્રુમ' વગેરે ગ્રંથો વાંચીશ.

**ચારિત્રાચાર**

૭૨.હું દરરોજ માતા-પિતાને તથા વડીલોને પગે લાગીશ.

૭૩.હું રોજ ગુરુવંદન કરીશ, ગુરુભગવંત નહિ હોય ત્યારે ફોટાને વંદન કરીશ.

૭૪.હું જે દિવસે ગુરુવંદન કરવાનું ભૂલી જઈશ તે દિવસે ......... રૂ. સારા માર્ગે વાપરીશ.

૭૫.હું વર્ષમાં એકવાર ઉપકારી ગુરુભગવંતને વંદન કરવા જઈશ.

૭૬.હું દરરોજ સાધુ-સાધ્વીજીને મારા ઘરે ગોચરી પાણી વહોરવા પધારવાની વિનંતી કરીશ.

૭૭.હું દરરોજ સાધુ-સાધ્વીજીને વર્ષમાં એકવાર ઉપધિ વગેરે જરુરી વસ્તુ વહોરાવીશ.

૭૮.હું જીવનમાં એકવાર તો સાધુ સાધ્વીજીને ગોચરી વાપરવાના પાત્રાની જોડ પહેરાવીશ.

૭૯.હું દીક્ષા લેવા માટે દરરોજ 'ૐ હ્રીઁ નમો ચારિત્તસ્ય'ની એક માળા ગણીશ અને ૧૭ લોગસ્સનો કાઉસગ્ગ કરીશ.

૮૦.હું કોઈને દીક્ષા માટે અંતરાય કરીશ નહિ.

૮૧.હું જીવનમાં એક વ્યક્તિને પ્રેરણા કરી દીક્ષા અપાવીશ.

૮૨.હું જીવનમાં સ્વદ્રવ્યથી ઉપાશ્રય બનાવીશ અથવા મારું મકાન/જમીન તેને માટે ભેટ આપીશ.

## પહેલું સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ વ્રત

૮૩. હું પશુ પંખી તથા મનુષ્યનું ખૂન (હત્યા) કરીશ નહિ, કરાવીશ નહિ.

૮૪. હું ગુસ્સામાં આવીને લાકડી, વેલણ, ચપ્પુથી કોઈને મારીશ નહિ.

૮૫.હું ગર્ભપાત કરીશ નહિ, કરાવીશ નહિ, કરવાની કોઈને પ્રેરણા કરીશ નહિ.

૮૬.હું નોકર-ચાકરને મારીશ નહિ.

૮૭.હું નોકર-ચાકરને ભૂખ્યા-તરસ્યા રાખીશ નહિ.

૮૮.હું બળજબરીથી કોઈની પાસે કામ કરાવીશ નહિ.

૮૯.હું કીડી વગેરેના દર પૂરીશ નહિ.

૯૦.હું માછલીઘર જેવી ચીજો ઘરમાં લાવીશ નહિ.

૯૧.હું પશુપંખી ને મનુષ્યના આકારના ચિત્રો ફાડીશ નહિ, તેવા આકારની વસ્તુ (પીપરમેન્ટ વગેરે) ખાઈશ નહિ.

૯૨.હું મચ્છર, માંકડ, માખી, જુ, ઉંદર, કીડી, મંકોડા વગેરેનો ઉપદ્રવ થાય ત્યારે ડીડીટી વગેરે દવા છાંટી તે ઉપદ્રવ દૂર કરીશ નહિ.

૯૩.હું ઘર, દુકાન, ફેક્ટરી વગેરે સાફ કરતાં, કરાવતાં, જીવજંતુ મરે નહિ તેની કાળજી કરીશ.

૯૪.હું અનાજ સાફ કરતાં, શાકભાજી સમારતાં ત્રસ જીવો મરે નહિ તેની કાળજી કરીશ.

૯૫.હું રસોડામાં પૂંજણીનો ઉપયોગ કરીશ.

૯૬.હું ઝાડ કાપીશ નહિ, કપાવીશ નહિ, તેના પાંદડા પણ તોડીશ નહિ.

૯૭.હું દર મહિનાની પાંચ/દસ/બાર તિથિએ લીલોતરીનો ત્યાગ કરીશ.

૯૮.હું કમ્પાઉન્ડમાં લોન ઉગાડીશ નહિ.

૯૯.હું એંઠુ મૂકીશ નહિ.

૧૦૦.હું એક જ થાળીમાં કોઈની સાથે ભેગા જમીશ નહિ.

૧૦૧. હું પાણી પિધા પછી એંઠો પ્લાસ માટલામાં નાંખીશ નહિ, ચોકખા પ્યાલાથી પાણી લઈશ અને છેલ્લે ગ્લાસ લૂંછીને મૂકીશ.

૧૦૨.હું ફ્રીઝનું પાણી અને બરફનું પાણી પીશ નહિ.

૧૦૩. હું અળગણ પાણીએ સ્નાન કરીશ નહિ.

૧૦૪. હું અળગણ પાણીની કપડાં ધોઈશ નહિ અને ધોવડાવીશ નહિ.

૧૦૫.હું પાંચ તિથિએ કપડા ધોઈશ નહિ, ધોવડાવીશ નહિ.

૧૦૬. હું જરૂર વગર પાણીના નળ ખુલ્લા રાખીશ નહિ. પાણી ઘીની જેમ વાપરીશ.

૧૦૭. હું ઘરની ચોકડીમાં કે બહાર લીલને ઘસીસ નહિ.

૧૦૮. હું દરરોજ ઉકાળેલું પાણી વાપરીશ. (પીશ.)

૧૦૯. હું દર મહિનાની પાંચ/દશ તિથિ ઉકાળેલું પાણી વાપરીશ. (પીશ).

૧૧૦. હું પર્યુષણમાં આસો ચૈત્રની ઓળીના દિવસોમાં ઉકાળેલું પાણી વાપરીશ (પીશ).

૧૧૧. હું આંખમાં મધ કે તેની બનાવેલી દવાના ટીપા નાંખીશ નહિ.

૧૧૨.હું ખજુરીની સાવરણી વાપરીશ નહિ.

૧૧૩. હંુ બેસતી વખતે નીચે જોઈને બેસીશ.

૧૧૪. હું ચાલતી વખતે નીચે જોઈને ચાલીશ.

૧૧૫.હું રસ્તામાં ચાલતા ગળફો કે સેડા નાંખવા પડે તો સાઈડમાં નાખી ઉપર ધૂળ નાંખીશ.

**બીજુ સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત**

. હું લગ્ન જોડવામાં કે તોડવામાં જુઠું બોલીશ નહિ.